Revised agreement for sale

RERA Registration No.:

# બુકિંગ એગ્રીમેન્ટ (બાનાખતનો કરાર)

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૧ (અસલાલી) દસ્ક્રોઇ તાલુકાના મોજે - અસલાલી ગામની સીમના રી - સર્વે મુજબના નવા બ્લોક નંબર : ૧૭૨૭ (જુના બ્લોક નંબર : ૫૯૯) ની કુલ ચો.મીટર : ૩૫૪૧ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૧૨૯ (અસલાલી - જેતલપુર) માં સમાવેશ કરવામાં આવેલ છે. તેવી બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જેમાં કોમન રોડ, રસ્તા, માર્જીનની જગ્યા, કોમન પ્લોટ સહિતની કુલ ચો.મીટર : ૩૫૪૧ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે " **શ્લોક બિઝનેશ હબ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ મીલકત અંગે બાનાખતનો કરાર.

For, SAMAST INFRATECH

PARNTER

Scanned by CamScanner

**વેચાણ આપનાર – લખી આપનાર – એકતરફવાળા :–**

⇨ સમસ્ત ઈન્ફ્રાટેક (SAMAST INFRATECH)
**PAN : ADTFS 2139 J**
એ નામની ભાગીદારી પેઢી કે જેની રજીસ્ટર્ડ ઓફિસ : જી-૮, ગ્રાઉન્ડ ફલોર, સીગ્નેચર કોમ્પલેક્ષ, સુવર્ણ બંગ્લોઝની સામે, ૧૦૦ ફુટ હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદનાં સરનામે આવેલ છે. તેના વતી અને તરફથી તેના વહિવટકર્તા ભાગીદારો :-

(૧) નિરજ જબરસીંગ રાઠોડ
(૨) પરેશ ગોવિંદભાઈ પટેલ
(૩) પ્રતાપચંદ્ર સોપાજી સુથાર

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં "અમો" અને અગર અમો "વેચાણ આપનાર - લખી આપનાર - એકતરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીનો તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો - વખતના ભાગીદારો તથા ભાગીદારોના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકશેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

**વેચાણ લેનાર – લખાવી લેનાર – બીજીતરફવાળા :–**

(૧) .......................... **PAN : ......................**
પુખ્તવયના, ધર્મે : હિન્દુ, રહેવાસી : ......................................
...............................................

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં "તમો" અને અગર તમો "વેચાણ લેનાર - લખાવી લેનાર - બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ લેનારનો તથા તમો વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકશેસરો, સરવાઈવરો ઈત્યાદી સર્વેનો સમાવેશ થાય છે.

(૧) જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૧ (અસલાલી) દસ્ક્રોઈ તાલુકાના મોજે - અસલાલી ગામની સીમના રી - સર્વે મુજબના નવા

For, SAMAST INFRA...
PARNTE...

Scanned by CamScanner

બ્લોક નંબર : ૧૭૨૭ (જુના બ્લોક નંબર : ૫૯૯) ની કુલ ચો.મીટર : ૩૫૪૧ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૧૨૯ (અસલાલી - જેતલપુર) માં સમાવેશ કરવામાં આવેલ છે. તેવી બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જેમાં કોમન રોડ, રસ્તા, માર્જીનની જગ્યા, કોમન પ્લોટ સહિતની કુલ ચો.મીટર : ૩૫૪૧ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે "**શ્લોક બિઝનેશ હબ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ બ્લોક નંબર : ............. ના ............. ફલોર (પ્લાન મુજબ ............. ફલોર) ની દુકાન નંબર : ............. વાળી ચો.મીટર : ............. ના કાર્પેટ ક્ષેત્રફળવાળી (રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ - ૨૦૧૬ ના નિયમોનુસાર) તથા સદર ફાઈનલ પ્લોટની ચો.મીટર : ૩૫૪૧ ની જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણ વહેંચાયેલ ચો.મીટર : ............. ના જમીનના હક્ક સહિતની મીલકત આ બાનાખતના કરારથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેનું સંપુર્ણ વર્ણન નીચે પરીશીષ્ટમાં આપવામાં આવેલ છે. જેને હવે પછી આ બાનાખતના કરારમાં "સદરહુ મીલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૩) સદર જુના બ્લોક નંબર : ૫૯૯ ની જમીનમાં રી - સર્વે સંબંધી તૈયાર કરવામાં આવેલ રેકર્ડનું એસ.એલ.આર. સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડના નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનાઓ દ્વારી રી - સર્વે યોજના અમલમાં આવેલ. જેના સંબંધી નવા રેકર્ડની સો ટકા મામલતદારશ્રી, દસ્ક્રોઇ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ એસ.એલ.આર. સેટલમેન્ટ કમીશ્નર અને જમીનનું રેકર્ડ નિયામકશ્રી દ્વારા ચકાસણી હુકમ નંબર : DSO / RESURVEY / AAKARBANDH / KAYAMKHARDO / ASLALI / 2016, તારીખ : ૦૨-૧૨-૨૦૧૬ ના હુકમથી નવુ તૈયાર કરેલ રી - સર્વે સંબંધી રેકર્ડનું પ્રમોલેગેશન કરવામાં આવેલ. જે અંગેનું નોંધ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર એન્ટ્રી નંબર : ૧૩૬૮૩, તારીખ : ૦૧-૦૩-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ.

(૪) સદર જુના બ્લોક નંબર : ૫૯૯ વાળી જમીન ઉપર ગોડાઉના બાંધકામ માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની વિકાસ પરવાનગી ક્રમાંક : પી.આર.એમ. / ૬૭૮૧ / ૬૪૩૭, તારીખ : ૧૦-૦૫-૧૯૯૧ થી મેળવવામાં આવેલ છે. સદર બાંધકામની પરવાનગીના નકશાન મુજબ કુલ ગોડાઉન નંગ - ૧૩ ગોડાઉન બાંધકામની પરવાનગી મળેલ છે જે પૈકી ચો.મીટર : ૧૩૧૮.૮૭ નુ બાંધકામની મંજુરી કરવામાં આવેલ છે તથા તેની વપરાશ અંગેનું પ્રમાણપત્ર

For, SAMAST INFRA...

PARNTER

Scanned by CamScanner

તારીખ : ૧૦-૦૮-૧૯૯૪ ના રોજ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા આપવામાં આવેલ છે.

(૫) સદરહુ જમીન ઉપર ઘનશ્યામભાઇ હિરાલાલ અમીન, પ્રવિણભાઇ હિરાલાલ અમીન, હરિકૃષ્ણ હિરાલાલ અમીન તથા નરહરિભાઇ હિરાલાલ અમીન દ્વારા "હિરાભાઇ એસ્ટેટ" ના નામની બાંધકામ કરેલ. તેવી બાંધકામ સહિતની મીલકત ઘનશ્યામભાઇ હિરાલાલ અમીન, પ્રવિણભાઇ હિરાલાલ અમીન, હરિકૃષ્ણ હિરાલાલ અમીન તથા નરહરિભાઇ હિરાલાલ અમીનની પાસેથી એડવાન્સ ઈન્ફ્રાકોનએ વેચાણ રાખેલ. જે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ - ૧૧ (અસલાલી) ના મે.સબ - રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૧૯-૦૪-૨૦૧૮ ના રોજ અનુક્રમ નંબર : ૫૬૩૫ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ એડવાન્સ ઈન્ફ્રાકોનની પાસેથી સદરહુ ગોડાઉનોવાળી મીલકત અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ. જે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ - ૧૧ (અસલાલી) ના મે.સબ - રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૦૭-૦૨-૨૦૧૯ ના રોજ અનુક્રમ નંબર : ૧૭૬૪ થી નોંધવામાં આવેલ. એ રીતે સદરહુ મીલકતના અમો વેચાણ આપનાર માલિક, કબજેદાર, ભોગવટેદાર થયેલા છીએ.

(૫) સદર રી - સર્વે મુજબના નવા બ્લોક નંબર : ૧૭૨૭ (જુના બ્લોક નંબર : ૫૯૯) ની કુલ ચો.મીટર : ૩૫૪૧ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૧૨૯ (અસલાલી - જેતલપુર) ની જમીન ઉપર બાંધકામ કરવા અંગેના રિવાઇઝ પ્લાન અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા તેમના તારીખ : .................... ના રોજના પત્ર નંબર : .......................................... થી પાસ કરવામાં આવેલ છે. એ રીતે સદરહુ સમગ્ર જમીન બિનખેતીની અને બાંધકામ યોગ્ય બનેલ તેમજ સદર સ્કીમમાં મંજુર થયેલ પ્લાન અને લાગુ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ નિયમાનુસાર / નાગરીક આધાર રૂપ જરૂરીયાત મુજબ પાણી, ગટર અને વિજળી સહિતની લખી આપનારે નક્કી કરેલ અને જણાવ્યા મુજબ જરૂરી સુવિધાઓયુકત બાંધકામ કરવા / કરાવવાની યોજના અમલમાં મુકેલ છે.

(૬) સદરહુ મીલકત ઉપર વેચાણ આપનાર તરફથી કોઇ સંસ્થા, બેંક, પેઢી, શ્રોફ, વ્યકિતઓ, સરકારશ્રીનો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન કે સ્થાનિક સંસ્થાઓનો વિગેરે કોઇનો બોજો કે કોઇ લોન નથી કે કોઇના જામીનમાં નથી. તેમજ કોઇ કોર્ટ કચેરી કે ઓફિસોમાં કોઇપણ જાતના કેસો કે પ્રોસીડિંગ્સ પેન્ડીંગ નથી. તેમજ તેના ઉપર કોઇનો ભરણ પોષણનો કે અન્ય કોઇ હક્ક પોષાતો નથી તેમજ

For, SAMAST INFRATECH

Scanned by CamScanner

અન્ય કોઇને કોઇપણ પ્રકારના લખાણોથી લખી આપેલ નથી કે કોઇને કબજો સોપેલ નથી. તેવી તમામ પ્રકારના રાઇટ ટાઇટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેની તમામ ખાતરીઓ અમો વેચાણ આપનાર આપીએ છીએ. જે અંગેનું ટાઇટલ સર્ટીફીકેટ એડવોકેટશ્રી મનીષ કે. પટેલ દ્વારા આપવામાં આવ્યુ છે.

(૭) સદરહુ સમગ્ર જમીન ઉપર જે વાણિજયની દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે. તે બાંધકામવાળી મીલકત " શ્લોક બિઝનેશ હબ " એ નામથી ઓળખાશે અને સદરહુ નામમાં ફેરફાર કરવાનો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને કોઇ હક્ક કે અધિકાર નથી.

(૮) સદરહુ જમીનમાં મંજુર થયેલા પ્લાન તથા રજાચીઠ્ઠી મુજબ વાણિજયની દુકાનોના બાંધકામની યોજના નિયમ બધ્ધ રીતે અમો વેચાણ આપનાર - એકતરફવાળા સમસ્ત ઈન્ફ્રાટેક એ નામની ભાગીદારી પેઢી દ્વારા મુકવામાં આવેલ છે અને સદર જમીન અમો લખી આપનાર - એકતરફવાળાની માલિકી, કબજા, ભોગવટાની બોજા રહિત મીલકત આવેલ છે.

(૯) સદરહુ સમગ્ર જમીન ઉપર મુકવામાં આવેલ " શ્લોક બિઝનેશ હબ " નામની યોજનામાં પેરા નંબર : ૧ માં દર્શાવ્યા મુજબની મીલકત ઉચ્ચક અઘાટ વેચાણ કિંમત રૂા................. અંકે રૂપીયા .................... પુરા માટે વેચાણ આપવાનું નક્કી કરેલ છે.

(૧૦) સદરહુ મીલકત અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને ઉપર દર્શાવ્યા મુજબ અઘાટ વેચાણ કરવાનું નક્કી કરેલ છે. તે પૈકી નીચે મુજબની વિગતે તમો વેચાણ લેનારે બાનાપેટેની રકમ ચુકવી આપેલ છે.

રૂા.

For, SAMAST INFRATEC

રૂા.

PARNTER

રૂ............. અંકે રૂપીયા ........................ પુરા.

એ રીતે ઉપર મુજબની વિગતે અમો લખી આપનાર - એકતરફવાળાને તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ આજ અગાઉ ચુકવેલ છે. જ્યારે બાકી રહેતી અવેજની રકમ નીચે મુજબના હપ્તા, તારીખ અને ટકાવારી પ્રમાણે ચુકવવાનું તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ માન્ય અને કબુલ રાખેલ છે.

એ :- વેચાણ લેનારે કુલ કિંમતના ૧૦ % પ્રમાણેની રકમ બુકિંગ કરાવતા સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

બી :- વેચાણ લેનારે કુલ કિંમતના ૩૦ % પ્રમાણેની રકમ બાનાખતના કરાર સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

સી :- વેચાણ લેનારે કુલ કિંમતના ૪૫ % પ્રમાણેની રકમ જે તે બિલ્ડીંગના પ્લીન્થના બાંધકામ પુર્ણ થાય તે સમયે સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

ડી :- વેચાણ લેનારે કુલ કિંમતના ૭૦ % પ્રમાણેની રકમ જે તે બિલ્ડીંગના પોડીયમ સ્ટેજ તથા કોલમ બાંધકામ પુર્ણ થાય તે સમયે સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

ઈ :- વેચાણ લેનારે કુલ કિંમતના ૭૫ % પ્રમાણેની રકમ જે તે બિલ્ડીંગના આંતરિક દિવાલ, આંતરિક પ્લાસ્ટર, ફલોરીંગ તથા શટર્સના બાંધકામ સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

એફ :- વેચાણ લેનારે કુલ કિંમતના ૮૦ % પ્રમાણેની રકમ જે તે બિલ્ડીંગના સેનેટરી ફીટીંગ્સ, સીડી, લીફ્ટ બ્લોક તથા લોબી વિગેરેના બાંધકામ પુર્ણ થાય તે સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

જી :- વેચાણ લેનારે કુલ કિંમતના ૮૫ % પ્રમાણેની રકમ જે તે બિલ્ડીંગના બાહ્ય પ્લમ્બીંગ, બાહ્ય પ્લાસ્ટર, એલીવેશન, વોટર પ્રુફિંગ સહિત ટેરેસના

For, SAMAST INFRA

Scanned by CamScanner

બાંધકામ પુર્ણ થાય તે સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

એચ :- વેચાણ લેનારે કુલ કિંમતના ૯૫ % પ્રમાણેની રકમ લીફટ, વોટર પમ્પસ, ઈલેકટ્રીક ફીટીંગ્સ, ઈલેકટ્રો - મીકેનીકલ તથા પર્યાવરણીય જરૂરીયાતો પુર્ણ કરવામાં આવે તેમજ પ્રવેશ માટેની લોબી, પ્લીન્થ પ્રોટેકશન તથા આજુબાજુના વિસ્તારના પેવીંગ સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

આઈ :- વેચાણ લેનારે કુલ કિંમતના ૧૦૦ % પ્રમાણેની યાને પુરેપુરી રકમ મીલકતનો કબજો સુપ્રત કરવામાં આવે તે સમયે પ્રમોટરને ચુકવી આપવાના રહેશે.

INTEREST. Point 9.

(૧૧) સદર મીલકતની ઉપરોકત નક્કી કરેલ હપ્તા અને તારીખ પ્રમાણે અવેજની રકમ ચુકવવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને અમો લખી આપનાર - એકતરફવાળા રજીસ્ટર્ડ પોસ્ટ થી કે ઇ - મેઇલથી બાકી રકમ ચુકવવાની નોટીસ આપીશુ અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા આપેલ નોટીસનો યોગ્ય જવાબ કે બાકી રહેતી રકમ ૧૫ દિવસની મુદતની અંદર ચુકવવામાં કસુર કે વિલંબ કરશો તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ ત્યારબાદ બાકી રહેતી અવેજની રકમ ઉપર ૧ (એક) ટકા લેખે માસિક વ્યાજ ચુકવવાનું રહેશે. તે શરત તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ કબુલ અને માન્ય રાખેલ છે.

(૧૨) સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ લાગુ ઓથોરીટી પાસેથી (આશરે તારીખ : ............... ના રોજ સુધીમાં) મેળવવા માટેની અરજી વિગેરે કરવામાં આવશે અને સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ આવે તેની જાણ અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો લખાવી લેનાર - બીજીતરફળવાળાને ૭ દિવસમાં કરવાની રહેશે. પરંતુ જો કુદરતી આફત, આગ, ધરતી કંપ કે અન્ય કોઇ કુદરતી કે માનવસર્જીત સંજોગોમાં કે સરકાર દ્વારા કાયદાકીય કલમોમાં ફેરફાર થવાથી પઝેશન આપવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ માન્ય અને કબુલ રાખવાનું રહેશે અને તે અંગે કોઇપણ પ્રકારની તકરાર કરવા / કરાવવાની નથી.

(૧૩) સદર મીલકત અંગે નક્કી કરવામાં આવેલ રકમો ચુકતે ભરપાઇ કરવામાં આવે તો સદર મીલકતનું પઝેશન અમો લખી આપનાર - એકતરફવાળા દ્વારા તમો

For, SAMAST INFRATE

PARNTER

Scanned by CamScanner

લખાવી લેનાર - બીજીતરફવાળાને આશરે તારીખ : ............... ના રોજ સુધીમાં આશરે આપવામાં આવશે. પરંતુ સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ આવવામાં વિલંબ થાય તો પઝેશન આપવાની મુદતમાં આપોઆપ વધારો થશે જે તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ કબુલ અને માન્ય રાખવાનો છે અને રહેશે.

(૧૪) સદરહુ પ્રોજેકટનું બાંધકામ પુર્ણ થયા બાદ અમો લખી આપનાર - એકતરફવાળા દ્વારા જેટલુ ક્ષેત્રફળ કાર્પેટ એરીયા તરીકે દર્શાવી લેખ કરી આપવામાં આવેલ હોય તેમાં બિલ્ડીંગ યુઝ પરમીશન પ્રમાણેના ક્ષેત્રફળમાં ૩ % (ત્રણ ટકા) સુધીનો તફાવત હોઇ શકે. પરંતુ જો ક્ષેત્રફળમાં તે ઉપરાંતનો વધારો કે ઘટાડો થાય તો તે પ્રમાણે કુલ કિંમતના વરાડે રકમ ગણી ક્ષેત્રફળના વધારાના સંજોગોમાં વેચાણ લેનારએ તેવી વધારાના ક્ષેત્રફળની રકમ ચુકવવાની રહેશે અને ઘટાડાના સંજોગોમાં ડેવલોપર્સ દ્વારા તેવી ઘટાડાની રકમ વેચાણ લેનારને પરત ચુકવી આપવાની રહેશે.

(૧૫) સદરહુ ફાળવેલ / વેચાણ આપેલ મીલકતને લઇને અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા વચ્ચે કોઇપણ પ્રકારનો વિવાદ કે તકરાર ઉપસ્થિત થાય તો બંને એકબીજા સાથે મળીને પરસ્પર સમજુતીથી ઉપસ્થિત થયેલ વિવાદ કે તકરારનો ઉકેલ લાવવાનો રહેશે. તેમ છતાં તે વિવાદ કે તકરારનો ઉકેલ ન આવે તો રેરા એકટ - ૨૦૧૬ ની ઓથોરીટીના નિતી નિયમો મુજબ ઉકેલ લાવવાનો રહેશે.

INTEREST Point 9.

(૧૬) સદર મીલકત નક્કી કરેલ મુદતમાં પઝેશન આપવામાં ઉપરોકત જણાવેલ કારણ સિવાય અમો લખી આપનાર - એકતરફવાળાને લીધે પઝેશન આપવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ ચુકવેલ અવેજની રકમ ઉપર ૧ (એક) ટકા લેખે માસિક વ્યાજ અમો લખી આપનાર - એકતરફવાળાએ ચુકવવાનું રહેશે.

(૧૭) સદરહુ " શ્લોક બિઝનેશ હબ " નામની સ્કીમમાં દુકાન ખરીદનારા અંગે ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે એશોસીએશન કે કંપની કે બોડી રચવામાં આવે ત્યારે તેના સભ્ય થવાનું તમો વેચાણ લેનારને માટે ફરજીયાત રહેશે. તેમજ સર્વિસ સોસાયટી / એસોસીએશન તરફથી કોમન ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદત કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રીબ્યુશનની

For, SAMAST INFRATECH

PARNTER

Scanned by CamScanner

સદરહુ મીલકતનું વાર્ષિક મેઇન્ટેન્સ વિગેરે માટે જે નક્કી કરવામાં આવે, તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. સદર યોજનાની કોમન એમેનીટીઝ તથા કોમન એરીયા ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે એશોસીએશનના નામે ટ્રાન્સફર કરવાની જરૂરીયાત જણાય તો વેચાણ આપનારે તેવી કોમન એમેનીટીઝ તથા કોમન એરીયા સર્વિસ સોસાયટી / એશોસીએશનના નામે ટ્રાન્સફર કરી આપવા સારૂ જરૂરી સહીઓ વિગેરે કરી આપવાની રહેશે. સદર યોજનાનાં પ્રમોટર દ્વારા સર્વિસ સોસાયટી બનાવીને તેનો વહિવટ સુપ્રત કરવામાં આવે તે સમયથી કોમન એમેનીટીઝ તથા કોમન બાંધકામનો યોગ્ય રીતે વહિવટ તથા મેઈન્ટેનેન્સ કરવાની જવાબદારી સર્વિસ સોસાયટી તથા તમામ સભાસદોની છે.

(૧૮) અમો લખી આપનાર - એકતરફવાળાએ સદર મીલકત તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને આજ રોજથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આથી અમો લખી આપનાર - એકતરફવાળાએ હવેથી સદર મીલકત ગીરોમાં કે જામીનમાં મુકવાની નથી કે તેના ઉપર કોઇપણ લોન લેવાની નથી કે મીલકતની વેલ્યુ ઘટે તેવા કાર્યો કરવા / કરાવવાના નથી તે અંગેની બાંહેધરી અમો લખી આપનાર - એકતરફવાળા તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને આપીએ છીએ.

NON CREATION OF MORTGAGE Point 8

(૧૯) અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા બંને સાથે મળીને એકબીજાની પરસ્પર સમજુતીથી આ બુકિંગ એગ્રીમેન્ટની શરતમાં ફેરફાર કરી શકશે.

(૨૦) અમો લખી આપનાર - એકતરફવાળાએ " શ્લોક બિઝનેશ હબ " નામની સ્કીમની જમીન ઉપર અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) ના મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવાનું છે અને તે મંજુર થયેલ પ્લાનમાં ફેરફાર કરવાનો થાય તો અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા સાથે મળીને એકબીજાની પરસ્પર સમજુતીથી બાંધકામમાં સુધારો વધારો કરી શકશે. પરંતુ અમો લખી આપનાર - એકતરફવાળા દ્વારા આયોજીત સદર સ્કીમના સ્પેશીફીકેશન અને પ્લાન કે બિલ્ડીંગના બાંધકામ બાબતે કોઇપણ પ્રકારના સુધારા વધારાઓ નિયમોનુસાર કરવા કરાવવાની જરૂરીયાત ઉદભવે તેમાં તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની મુકત અને કાયમી સંમતી છે અને રહેશે.

For, SAMAST INFRATEC
PARNTER

Scanned by CamScanner

(૨૧) આ કરારની કોઈપણ શરત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ - ૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની કોઈપણ જોગવાઈને પ્રતિકુળ રીતે અસર કરતી હશે તો તેવી તમામ શરતો રદ્દ યાને કેન્સલ ગણી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ - ૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની જોગવાઈ અનુસાર તે શરત ગણવાની રહેશે અને બાકીની શરતો આ કરારમાં દર્શાવ્યા મુજબ માન્ય ગણવાની રહેશે.

(૨૨) મજકુર " શ્લોક બિઝનેશ હબ " નામની યોજના આજદિને ચો.મીટર : ............ ની એફ.એસ.આઇ. મળેલ છે. તે પૈકી ચો.મીટર : ............ ની એફ.એસ.આઇ. વાપરીને તે પ્રમાણે બાંધકામ કરવાનું આયોજન કરેલ છે. જેમાં તમો વેચાણ લેનારને વેચાણ આપેલ મીલકતનો સમાવેશ થઇ ગયેલ છે. ભવિષ્યમાં કાયદાકીય ફેરફાર થાય અને અમો લખી આપનારને ટી.ડી.આર. દ્વારા કે અન્ય કોઇ રીતે કે અન્ય કોઇ કાયદાકીય રીતે વધારાની એફ.એસ.આઇ. મળવાપાત્ર થાય અને વધારાના માળ તરીકે મળવાપાત્ર બને તો તે વધારાની સંપુર્ણ એફ.એસ.આઇ. અમો લખી આપનારના પ્રોજેકટના કોઇપણ બિલ્ડીંગ કે અન્ય જગ્યાએ વાપરી શકીશુ અને તેવા સંજોગોમાં અને " શ્લોક બિઝનેશ હબ" નામની યોજનાની આવી વધારાની પુરેપુરી એફ.એસ.આઇ.ની સંપુર્ણ માલિકી અમો લખી આપનારની રહેશે તેવી સ્પષ્ટ સમજણ અમો લખી આપનારે તમો લખાવી લેનારને આપેલ છે. આવી વધારાની એફ.એસ.આઇ. નું બાંધકામ સદરહુ પ્રોજેકટમાં કે બિલ્ડીંગની ઉપર થવાનુ છે જેની સંપુર્ણ માલિકી અમો લખી આપનારની રહેશે તે સાથે સંમત થઇને તમો લખાવી લેનારે સદરહુ મીલકત ખરીદ કરવાનું નક્કી કરેલ છે. આથી ભવિષ્યમાં તમો લખાવી લેનારનો કોઇપણ પ્રકારનો વાંધો ચાલશે નહિ અને જો કોઇ વાંધા લેવામાં આવે તો આ કરારથી રદ થયેલ ગણાશે. સદર યોજનામાં હાલની મળવાપાત્ર એફ.એસ.આઇ. પ્રમાણે જમીનના વગર વહેચાયેલા વરાડે હક્ક હિસ્સાની પુર્ણપણે વહેંચણી કરેલ છે. પરંતુ જો ભવિષ્યમાં વધારાની એફ.એસ.આઇ. મળવાપાત્ર થાય કે સદરહુ ફાઇનલ પ્લોટની જમીનને ટી.ડી.આર. મળવાને પાત્ર થાય તો તેવા સંજોગોમાં તમો લખાવી લેનાર તથા અન્ય યુનિટ હોલ્ડરોએ જમીનનો મળવાપાત્ર હિસ્સો આપો આપ ઘટી જશે જે વેચાણ લેનાર તથા અન્ય યુનિટ હોલ્ડરો કબુલ રાખે છે અને ભવિષ્યમાં વેચાણ દસ્તાવેજ સમયે કે વેચાણ દસ્તાવેજ થઇ ગયા બાદ તમો વેચાણ લેનાર તેમજ અન્ય યુનિટ હોલ્ડરોને વરાડે હક્ક હિસ્સાની જમીનનું ક્ષેત્રફળમાં ઘટાડો થશે જે બાબતે વેચાણ લેનારને કોઇ વાંધો તકરાર નથી અને ભવિષ્યમાં તે અંગે વેચાણ લેનારની મુકત સંમતી ગણાશે.

For, SAMAST INFRATECH

PARNTER

Scanned by CamScanner

(૨૩) સદર યોજનામાં બેઝમેન્ટના ભાગે સભાસદો માટે પાર્કિંગ રાખવામાં આવેલ છે, જે ભાગમાં દરેક મેમ્બર્સના યુનિટ નંબરથી માર્કિંગ કરેલ પાર્કિંગ જે તે યુનિટ હોલ્ડરને કાયમી રીતે એલોટ કરવામાં આવેલ છે. જે પાર્કિંગનો ઉપયોગ જે તે યુનિટ હોલ્ડરોએ કરવાનો છે. દરેક યુનિટ હોલ્ડરે પોતાના વિઝીટર્સને તેમના વાહનોનું પાર્કિંગ તેઓ જે જગ્યા વિઝીટર્સ પાર્કીંગ રાખવામાં આવેલ છે તે જગ્યા પાર્કીંગ કરવા માટે જણાવવાનું છે તથા પોતાના વાહનો પણ શિસ્તપુર્વક અને નીતિ-નિયમો અનુસાર પાર્ક કરવાના છે.

PARKING Point 6

Point 34.

(૨૪) અમો લખી આપનાર - એકતરફવાળા સક્ષમ ઓથોરીટી પાસેથી સદરહુ મીલકતનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવીએ અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા કરારમાં જણાવ્યા મુજબની તમામ ચુકવણી અમો લખી આપનાર - એકતરફવાળાને કરી આપો ત્યારબાદ અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને દસ્તાવેજ કરાવી લેવા તેમજ સદરહુ મીલકતનો કબજો ૧૫ દિવસના સમયગાળામાં મેળવી લેવા માટેની લેખીત નોટીસ આપવાની રહેશે અને તદનુસાર તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને અમો લખી આપનાર - એકતરફવાળાએ દસ્તાવેજ કરી આપી કબજો સુપ્રત કરવાનો રહેશે. તમો લખાવી લેનાર - બીજીતરફવાળા દ્વારા તેમના કોઇ પાનકાર્ડ, પુરાવા, ઓળખકાર્ડ, ફોટાઓ વિગેરે અમો લખી આપનાર - એકતરફવાળાને આપવામાં તથા કોઇપણ જોગવાઇ, ઔપચારિકતાઓ, દસ્તાવેજીકરણ પુરુ કરવામાં નિષ્ફળ જાવો તો અમો લખી આપનાર - એકતરફવાળાને તેનુ નુકશાન ભરપાઇ કરી આપવાની તમો લખાવી લેનાર - બીજીતરફવાળા આથી ખાત્રી અને ભરોસો આપો છો અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા આવુ નુકશાન ભરપાઇ કરવા બંધાયેલ છે. અમો લખી આપનાર - એકતરફવાળા અથવા સોસાયટી નક્કી કરે તે મુજબના મેઇન્ટેનન્સ ચાર્જની તથા અન્ય ચાર્જીસની રકમ ભરપાઇ કરવા તમો લખાવી લેનાર - બીજીતરફવાળા સંમત થયેલ છે.

(૨૫) બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ આવી ગયેલ છે તથા સદરહુ મીલકત વાપરવા માટે તૈયાંર છે તેવી અમો લખી આપનાર - એકતરફવાળા તરફથી કબજો મેળવવાની તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને કે તમો લખાવી લેનારના અધિકૃત કરેલ વ્યકિતએ અમો લખી આપનાર - એકતરફવાળાની પાસેથી સદરહુ મીલકતનો કબજો મેળવી લેવાનો રહેશે. જો કોઇ સંજોગોમાં વેચાણ આપવા નક્કી કરેલ મીલકતનુ તમામ આંતરિક કામ પુર્ણ થયેલ હોય, તેમજ વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવવામાં સમય જાય તેમ હોય, અને તમો લખાવી લેનાર -

For, SAMAST INFRAT...

PARNTER

Scanned by CamScanner

બીજીતરફવાળા પોતાની સલામતીના કારણે અથવા પોતાના અંગત કારણોસર જેવા કે લોન મેળવવા, સીસી મેળવવા, મોર્ગેજ લોન મેળવવા કે કેપીટલ ગેઇન ટેક્ષ વિગેરે માટે કે અન્ય કોઇપણ કારણોસર કબજો મેળવી લેવા માંગતા હોય તો તેવા સંજોગોમાં અમો લખી આપનાર - એકતરફવાળાએ સંપુર્ણ વેચાણ અવેજની રકમ તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની પાસેથી મેળવી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની તરફેણમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો રહેશે.

(૨૬) અમો લખી આપનાર - એકતરફવાળા તરફથી ઉપર મુજબની જાણ કરવામાં આવ્યેથી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ સદરહુ મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવીને તથા અન્ય ઇન્ડેમ્નીટી તથા અંડરટેકીંગ આપી કબજો મેળવી લેવાનો રહેશે. કોઇ કારણોસર તમો લખાવી લેનાર - બીજીતરફવાળા ઉપર જણાવ્યા મુજબ કબજો મેળવવામાં નિષ્ફળ જાય અને સદરહુ મિલક્તનો કબજો ન સ્વીકારે તો પણ સદરહુ મિલક્તના મેઇન્ટેનન્સના નાણાં ભરપાઇ કરવા સહિતની તમામ જવાબદારી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની છે અને રહેશે. તેમજ તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને નોટીસ મળ્યાના ૩૦ દિવસમાં બાકીના અવેજની ચુકવણી કરી કબજો મેળવવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં અમો લખી આપનાર - એકતરફવાળા આ બાનાખતનો કરાર રદ કરી સદરહુ મીલકત અન્ય કોઇ ત્રાહિતને વેચાણ કરી શકશે. ત્યારબાદ તેના અવેજની રકમ મળ્યેથી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને પરત કરવાની રહેશે.

(૨૭) તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને કબજો સુપ્રત કર્યાના વર્ષ - ૫ (પાંચ વર્ષ) ના સમયગાળા દરમિયાન સદરહુ મીલકતમાં કોઇ સ્ટ્રકચરલ ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઇ અંગેની કોઇ ખામી તમો લખાવી લેનાર - બીજીતરફવાળા અમો લખી આપનાર - એકતરફવાળાના ધ્યાને લાવે અને તે ખામી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો અમો લખી આપનાર - એકતરફવાળાએ શકય હોય ત્યાં સુધી આવી માત્ર સ્ટ્રકચરલ ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે. પરંતુ તે અનુસંધાને તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની અન્ય કોઇ માલ મિલકત, ફર્નીચર, કલર, યંત્ર, ઇલેકટ્રોનીકસ સામાન કે ફીનીશીંગ મટીરીયલને નુકસાન થયેલ હોય તે રીપેર કરાવવાની કે વળતર આપવાની જવાબદારી અમો લખી આપનાર - એકતરફવાળાની રહેશે નહિ અને આવી સ્ટ્રકચરલ ખામી દુર કરવાનુ શકય ન હોય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળા આવી ખામી

For, SAMAST INFRATE[CH]
PARNTER

For SAMAST INFRATECH
PARTNER

માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ બાનાખતના કરારમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે. પરંતુ આવી ખામીઓ માટે અમો લખી આપનાર - એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા આવી ખામીઓ માટેનું કારણ અમો લખી આપનાર - એકતરફવાળાના નિયંત્રણ બહાર હોય અથવા આવી ખામી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય તો એવી કોઈપણ બાંધકામ ખામી, કારીગરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા તમો લખાવી લેનાર - બીજીતરફવાળાના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો અમો લખી આપનાર - એકતરફવાળા તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને વળતર ચુકવી આપવા પત્ર બનશે નહિ કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની અમો લખી આપનાર - એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહિ કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની અમો લખી આપનાર - એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહિ. અમો લખી આપનાર - એકતરફવાળા દ્વારા તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને સ્વતંત્ર રીતે તથા બાકીના તમામ સભાસદોના સહિયારા વપરાશ માટે આપવામાં આવેલ સેવા, એમીનીટીઝ, કોમન ફેસેલીટીઝની જાળવણી તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ વ્યકિતગત રીતે તથા તમામ સભાસદોએ સાથે મળી કરવા કરાવવાની રહેશે. જે અંગે વર્ષો વર્ષ જરૂરી એવા એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપી મરામત કરાવવાની રહેશે.

COMMON AMENITIES ફિગ 7.

(૨૮) જો તમો લખાવી લેનાર - બીજીતરફવાળા દ્વારા બિલ્ડીંગના કોઈપણ ભાગમાં ચીઝલીંગ, વાઈબ્રેટીંગ, ડ્રીલીંગ, કોર કટીંગ કે અન્ય કોઈપણ રીતે ફેરફાર કરવામાં આવે કે કોઈપણ પ્રકારની તોડફોડ કરવામાં આવે અને આવા ફેરફાર કે તોડફોડના કારણે બિલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બિલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રક્ચર નબળુ પડી જાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તો તેના માટે અમો લખી આપનાર - એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકાશે નહિ અને આથી અમો લખી આપનાર - એકતરફવાળાનાં આવી ખામી કે નુકશાનને રીપેર કરવા જવાબદાર ગણાશે નહિં. તેમજ કોઈપણ પ્રકારની કુદરતી આપત્તીઓ જેવી કે ધરતીકંપ, વરસાદનાં પુર, આગ, વાવાઝોડુ વિગેરે તથા માનવસર્જીત આપત્તિઓ જેવી કે, તોફાનો, રમખાણો, આતંકવાદ, આગ લાગવાથી વિગેરેનાં કારણે તથા તમો લખાવી લેનાર - બીજીતરફવાળાના કારણે બિલ્ડીંગ કે તેનો કોઈપણ ભાગ તુટી જાય કે બિલ્ડીંગનાં કોઈપણ ભાગનું સ્ટ્રક્ચર નબળુ પડી જાય

For, SAMAST INFRATEC...

PARNTER

Scanned by CamScanner

અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તો તેના માટે અમો લખી આપનાર - એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકાશે નહિ અને આથી અમો લખી આપનાર - એકતરફવાળાનાં આવી ખામી કે નુક્શાનીને રીપેર કરવા અથવા કોઈપણ પ્રકારના ક્લેઈમને ભરપાઈ કરવા માટે જવાબદાર ગણાશે નહિ.

(૨૯) સદરહુ મીલકતની વેચાણ કિંમતમાં સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકિલ ફી, લખામણી ખર્ચ, ટાઈપીંગ ખર્ચ, જી.એસ.ટી. તથા પરચુરણ ખર્ચ, જી.એસ.ટી. વિગેરે ખર્ચનો સમાવેશ થતો નથી, જેથી સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકિલ ફી,. લખામણી ખર્ચ, ટાઈપીંગ ખર્ચ, સર્વિસ ટેક્ષ તથા પરચુરણ ખર્ચ, જી.એસ.ટી. વિગેરે તમો વેચાણ લેનારે અલગથી ભોગવવાનો રહેશે તથા સદરહુ મીલકત અંગે જો કોઈપણ વધારાની સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, જી.એસ.ટી. વિગેરે હવે પછી પણ ભરવાના થાય તો તે માત્ર વેચાણ લેનારે ભરવાના અને ભોગવવાના છે.

**-: પરિશિષ્ટ :-**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૧ (અસલાલી) દસ્કોઈ તાલુકાના મોજે - અસલાલી ગામની સીમના રી - સર્વે મુજબના નવા બ્લોક નંબર : ૧૭૨૭ (જુના બ્લોક નંબર : ૫૯૯) ની કુલ ચો.મીટર : ૩૫૪૧ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૧૨૯ (અસલાલી - જેતલપુર) માં સમાવેશ કરવામાં આવેલ છે. તેવી બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જેમાં કોમન રોડ, રસ્તા, માર્જીનની જગ્યા, કોમન પ્લોટ સહિતની કુલ ચો.મીટર : ૩૫૪૧ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે " **શ્લોક બિઝનેશ હબ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ તેમાં આવેલ બ્લોક નંબર : ............. ના ............. ફલોર (પ્લાન મુજબ ............. ફલોર) ની દુકાન નંબર : ............. વાળી ચો.મીટર : ............. ના કાર્પેટ ક્ષેત્રફળવાળી (રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ - ૨૦૧૬ ના નિયમોનુસાર) તથા સદર ફાઈનલ પ્લોટની ચો.મીટર : ૩૫૪૧ ની જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણ વહેંચાયેલ ચો.મીટર : ........... ના જમીનના હક્ક સહિતની મીલકત.

**" શ્લોક બિઝનેશ હબ " ના ખુંટચારની વિગત :-**

પૂર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષીણે :-

For, SAMAST INFRATE...

PARNTE...

Scanned by CamScanner

**વેચાણ આપવાનું નક્કી કરેલ મીલકતના ખુંટચારની વિગત :-**

પૂર્વે :-
પશ્ચિમે :-
ઉત્તરે :-
દક્ષિણે :-

એ રીતેના નંબરોમાપ તથા ખુંટચાર વચલી મીલકત.

એ રીતેનો આ બાનાખતનો કરાર અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઇના કોઇપણ જાતના દાબ-દબાણ સિવાય લખી આપેલ છે, જે અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીનો તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો - વખતના ભાગીદારો તથા ભાગીદારોના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકશેસરો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. અમદાવાદ. આજ તારીખ : -૦૪-૨૦૧૯ ના દિને.

**(વેચાણ આપનાર – લખી આપનાર – એકતરફવાળા)**

⇨ સમસ્ત ઈન્ફ્રાટેક
ના વતી અને તરફથી તેના
વહિવટકર્તા ભાગીદારો :-

(૧) નિરજ જબરસીંગ રાઠોડ ______________________
(૨) પરેશ ગોવિંદભાઈ પટેલ ______________________
(૩) પ્રતાપચંદ્ર સોપાજી સુથાર ______________________

**(સાક્ષીઓ)**

૧ ______________________
૨ ______________________

For. SAMAST INFRATEC
PARNTER

Scanned by CamScanner